# પ્રકરણ : ૧૨

## મોરારજીભાઈના પરિવારમાં અપમૃત્યુની પરંપરા-૨

મોરારજીભાઈના અંગત જીવનમાં મોરારજીભાઈના પિતાશ્રીના આત્મહત્યાથી થયેલી અપમૃત્યુની પરંપરા તેઓના અંતિમ દિવસો સુધી ચાલુ રહી. મોરારજીભાઈના પિતા, બહેન, પાંચ બાળકો પૈકી બે બાળકોના અપમૃત્યુ થયા પરંતુ સૌથી કરૂણ પ્રસંગ મોરારજીભાઈની પુત્રી ઈન્દુએ કરેલ આત્મહત્યાનો હતો.

ઈન્દુબેને આત્મવિલોપન કયા સંજોગોમા કર્યું તે મોરારજીભાઈએ પોતાની આત્મકથામાં વિગતે લખ્યું છે પરંતુ પોતાના પર કોઈ દોષ આવી ન જાય તેની પુરતી કાળજી લીધી છે. આત્મવિલોપન તરફ દોરી જતા પરિબળોની વિગત લખી છે. તેના પરથી એવું પ્રતિપાદન કરવાની કોશિષ કરી છે કે લાંબા સમયથી ઈન્દુબેનની માનસિક હાલત સારી ન હતી અને પરિણામે તેને આત્મહત્યા કરી પરંતુ માનસિક હાલત કેવી રીતે અને શા માટે બગડી તેનો પુરો અભ્યાસ કરતા મને કેટલેક અંશે મોરારજીભાઈ પોતે અને તેઓનો સ્વભાવ અને માન્યતા પણ જવાબદાર લાગ્યા છે.

મોરારજીભાઈની આત્મકથામા મોરારજીભાઈ લખે છે કે ઈન્દુને તેઓ પ્રત્યે ભારે પ્રેમ હતો અને તેને અપરિણિત રહીને તેઓની સેવા કરવાની ઈચ્છા હતી તે માટે તે સરદાર વલ્લભભાઈની સેવા કરતી મણીબેનનો દાખલો આપતી.

ઈન્દુ મેડીકલ કોલેજમા ભણતી હતી અને મેડીકલ કોલેજ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવાને બદલે ધરે રહીને અભ્યાસ કરતી હતી. પરિણામે પુરતી તૈયારી ન કરી શકી તેનાથી એ ચિંતિત હતી અને તે જ અરસામા મોરારજીભાઈ ચૂંટણીમા હારી ગયા હોવાથી તેના મગજ પર ભારે આઘાત લાગ્યો અને તેને “નર્વસ બ્રેકડાઉન” નો રોગ લાગુ પડયો. તેના સ્નાયુઓ નબળા પડી ગયા. ઈન્દુબેને આત્મહત્યાનો પ્રથમ પ્રયાસ કર્યો અને સળગવાની તૈયારી પણ કરી હતી પરંતુ કોઈક કારણસર હેતુ પાર પાડી શકી નહોતી.

થોડા સમય પછી આવતી મેડીકલ કોલેજની પરીક્ષા આપી શકી ન હતી અને ત્યારપછીના વર્ષે પરીક્ષા આપી હતી પરંતુ તેમા તે નાપાસ થઈ હતી. ઈન્દુને પાસ થવાની ખાત્રી હતી આથી ઈન્દુએ ફેર તપાસની માગણી કરવા મોરારજીભાઈને વિનંતી કરી પરંતુ મોરારજીભાઈએ નકારી કાઢતા તેને આઘાત લાગ્યો હતો અને મોરારજીભાઈથી નારાજ રહેતી હતી.

કોલેજના છેલ્લા વર્ષમા હતી ત્યારે તેને કોલેજના સહાધ્યાયી વિધર્મી યુવક સાથે પ્રેમ થયો અને તેને પરણવાની જીદ કરતી હતી. જે મોરારજીભાઈને પસંદ ન હોવાથી સંમતિ આપી ન હતી પરંતુ પાછળથી મોરારજીભાઈએ નમતુ જોખીને બીજા વર્ષે લગ્ન કરાવી આપવાનું વચન આપ્યું હતું. આમ છતાં કોઈક કારણસર જુહુના દરિયામા કૂદીને આપઘાત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ મલબાર હીલ ખાતેના નિવાસસ્થાને ઈન્દુએ અગ્નિસ્નાન કરી લીધું. મોરારજીભાઈએ કૃત્ય માટે ઈન્દુની માનસિક હાલતનું કારણ આપે છે અને તેના પ્રેમીએ તેને તરછોડી દીધી હોવાનું કારણ આપી પોતાનો બચાવ કર્યો છે. પાછળથી મોરારજીભાઈએ પોતે ઈન્દુ પ્રત્યે વધુ કડક બન્યા હોવાનું કબુલ્યું હતું.

આ બનાવનું વર્ણન શ્રી જી.એસ.ભાર્ગવ કૃત "મોરારજી દેસાઈ પ્રાઈમ મીનીસ્ટર ઓફ ઈન્ડિયા" પુસ્તકમાં મોરારજીભાઈના નિકટના સંબંધીએ નામ જણાવવાની શરતે ઈન્દુના આત્મવિલેપન અંગે કેટલીક નિખાલસ વાતો કરી હતી તે લખી છે. તેઓએ તો સીધા મોરારજીભાઈને જવાબદાર ગણ્યા છે. "The old man, due to his obstinacy had driven his daughter to death" આવા સ્પષ્ટ શબ્દોમા મોરારજીભાઈની 'જીદ' કે 'હઠ' ને જવાબદાર ગણ્યા છે.

આ સંબંધીના કહેવા પ્રમાણે મોરારજીભાઈએ ઈન્દુના મુસ્લિમ મિત્ર સાથે લગ્ન કરવાની ના પાડી હતી. જેના પરિણામે તે ડીપ્રેશનમા ચાલી ગઈ હતી. પાછળથી મોરારજીભાઈ લગ્ન કરાવવા સંમત થયા હતા પરંતુ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. ઈન્દુની આવી હાલતને કારણે કદાચ તેના મિત્રે લગ્ન કરવાની ના પાડી હશે.

જુદા જુદા લેખકોના પુસ્તકમા જુદી જુદી વાતો જાણવા મળી પરંતુ તટસ્થ તારણો કાઢતા ઈન્દુબેનના આત્મવિલોપન માટે મોરારજીભાઈના કડક જીદ્દી સ્વભાવ અને તેની ઈન્દુબેનના મગજ પર પડેલી વિપરિત અસર જવાબદાર લાગે છે.

મોરારજીભાઈ એલોપેથી અને વેકસીનના વિરોધી હતા અને બચપનમા ઈન્દુને આવેલ શીતળાને કારણે શરીરે અને મોઢા પર શીતળાના ચાઠાંને કારણે તે થોડી મોરારજીભાઈ સાથે શરૂઆતથી જ નારાજ હતી. વળી તે એલોપેથી – મેડીકલ કોલેજમા અભ્યાસ કરે તે પણ કદાચ મોરારજીભાઈ પસંદ ન હતું. હોસ્ટેલમાં રહીને અભ્યાસ ન કરાવતા ઘરે રહીને અભ્યાસ કરવો પડયો હતો. પરિણામે પુરતી તૈયારી કરી શકી ન હતી એટલે નાપાસ થઈ હતી પરંતુ બીજા વર્ષે પરીક્ષા આપતા પાસ થવાની અપેક્ષા છતાં નાપાસ જાહેર થઈ હતી ત્યારે પેપરની ફેર ચકાસણી કરવા ઈન્દુએ મોરારજીભાઈને વિનંતિ કરી હતી. અનેક લોકો આવી માંગણી કરતા હોય છે અને પરિણામ કયારેક બદલાતુ પણ હોય છે પરંતુ મોરારજીભાઈએ ફેર ચકાસણી કરાવવાની સ્પષ્ટ ના પાડી હતી. વળી કેટલાકે ઈન્દુને એવું ઠરાવ્યું હતું કે મોરારજીભાઈના કોઈ વિરોધીએ તેને વગ વાપરી નાપાસ કરાવી હતી. પરિણામે ઈન્દુને બમણો આઘાત લાગ્યો હતો. મોરારજીભાઈ માટે ધર્મસંકટ એ હતું કે જો ફેરતપાસમા ઈન્દુ પાસ જાહેર થાય તો લોકો એવું માનશે કે મોરારજીભાઈએ પોતાની વગ વાપરી પાસ કરાવી છે.

આ ઉપરાંત અન્ય કેટલાક પુસ્તકોમા ઈન્દુબેનની મોરારજીભાઈ પ્રત્યેની નારાજગીના નાના નાના પ્રસંગો પણ લખાયા છે. અંબેલાલ જોષી કૃત "શ્રી મોરારજી દેસાઈ" પુસ્તકમાં તેઓ લખે છે કે એક વખત ઈન્દુએ કયાંક જવા માટે મોરારજીભાઈ પાસે તેઓની કાર અને ડ્રાઈવરને લઈ જવા વિનંતિ કરી હતી પરંતુ મોરારજીભાઈએ "સરકારી બસો બહુ જાય છે તેમા જાઓ" કરી માંગણી નકારી કાઢી હતી.

આમ, ઈન્દુબેનના ડીપ્રેશન અને આત્મહત્યા માટે મોરારજીભાઈના સ્વભાવ અને માન્યતા પણ કેટલેક અંશે જવાબદાર હતા.

અંતમા મોરારજીભાઈના અંતિમ દિવસોઆ મોરારજીભાઈની પુત્રવધુ પણ બિલ્ડીંગના ચોથા માળેથી પડી જતાં અવસાન પામ્યા હતા. આમ, સમગ્ર જીવન સુધી મોરારજીભાઈના પરિવારમાં અપમૃત્યુ થતા રહ્યા હતા.